મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૬ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરમાં ફ્રુટ અને શાકના ભાવમાં સમાનતા

## ભાવ વધતા નગરજનોમાં આક્રોશ : ફ્રુટની ખરીદી કરીએ કે શાકભાજીની બધું સરખું જ લાગે છે



ગાંધીનગર, તા.૭

નગરમાં કોરોના દરમિયાન શાકભાજી કે ફ્રુટ લેતા નગરજનો ખચકાતા હતા. પરંતુ કોરોનાનો કહેર હવે વધતો જ જઈ રહ્યો છે અને હવે શાકભાજી કે ફ્રુટ ખાધા વગર ચાલે તેમ પણ નથી ત્યારે વરસાદ, વાતાવરણ અને ઈમ્પોર્ટ એકસ્પોર્ટમાં ઓછું વત્તુ થવું જેવા અનેક કારણસર શાકભાજી અને ફ્રુટના ભાવોમાં વધારો થયો છે. ખાઈ શકાય તેવા સફરજન ૨૦૦ રૂપિયે કિલો અને બટેકા ૪૦ રૂપિયે કિલોએ વેચાઈ રહ્યા છે. હવે શાક ઉપરાંત બટેકા એ દરેકના ઘરમાં ખવાતું શાક છે. આમાં ભાવ વધારો કરાશે તો સામાન્ય નાગરિકોનું શું થશે? આ ઉપરાંત ગવાર-ચોળી-ટીંડોળા અને ફલાવરનો ભાવ પણ ૧૪૦ થી ૧૫૦ રૂપિયે કિલો છે. ડુંગળી ૮૦ થી ૧૦૦ રૂપિયે કિલો તથા ભીંડા અને દૂધી ૭૦ રૂપિયે કિલોએ વેચાઈ રહ્યા છે. સામે ફ્રુટના ભાવ પણ કાંઈ ઓછા નથી. સારામાં સારા સફરજન ૨૦૦ રૂપિયે કિલો મોસંબી અને નાસપતિ ૮૦ રૂપિયે કિલો, દાડમ ૪૦ થી ૫૦ રૂપિયે કિલો, નારિયેળ ૪૦ થી ૬૦ રૂપિયાનું નંગ એમ વેચાણમાં છે. નગરમાં પૂરતો વરસાદ થવાથી પાણી બાબતે કોઈ ચિંતા નથી. નગરના આજુબાજુના ગામ પણ સિંચાઈના પાણી બાબતે હાલ નિશ્ચિંત જણાય છે પરંતુ પાછલા દિવસોમાં આવનાર વરસાદને કારણે શાકભાજીના ઈમ્પોર્ટમાં ઘટાડો થયો છે. જેને કારણે શાકભાજીના ભાવમાં વધારો જણાય છે અને ફ્રુટના ભાવ બાબતે ગાંધીનગર તો પહેલેથી જ મોંઘું છે. દરેક ફ્રુટ અને શાકના ભાવ સમાન જ હોય તેમ જણાઈ રહ્યું છે. નગરની ગૃહિણીઓનું કહેવું છે કે આજે ફ્રુટની ખરીદી કરીએ કે શાકભાજીની બધું સરખું જ લાગે છે.

કોરોનાની મહામારીમાં દરેકને જરૂરિયાત પુરી કરવા અર્થે ફાઈનાન્સની જરૂર પડે છે. ઘણા વેપારીઓ જણાવે છે કે જથ્થાબંધ ભાવની સામે દર વખતના માર્જીન કરતા આ વખતે છૂટક ભાવનો વધુ લેવાઈ રહ્યો છે. એટલે કે છૂટક વેપારીઓ શાક અને ફળમાં એક પ્રમાણ કરતા વધુ નફો ચઢાવી રહ્યા છે તેમ જણાઈ રહ્યું છે.



## પેરોલ જમ્પ કરી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમ પેટ્રોલીંગમાં હતી. ત્યારે દહેગામ પોલીસ મથક વિસ્તારની હદમાં પત્નીની હત્યાના ગુનામાં જેલમાં રહેલા અને છેલ્લા ૬ માસથી પેરોલ જમ્પ કરીને નાસતા ફરતા આરોપી મનુજી ઉર્ફે મણાજી અમરજી ઠાકોરને પકડી પાડ્યો હતો. જેની ઉંડાણપૂર્વક પુછતાછ કરતા ૨૦૦૪ માં હત્યાના ગુનામાં તેને આજીવન કેદ થઈ છે. ૧૪ દિવસની પેરોલ રજા પર બહાર આવ્યા બાદ ૨૭ માર્ચે તેણે સાબરમતિ સેન્ટ્રલ જેલ ખાતે હાજર થવાનું હતું. પરંતુ તે હાજર થયો ન હતો અને નાસતો ફરતો હતો. જેને એલસીબી-૨ એ તેને પકડી પાડીને સાબરમતિ જેલ મોકલી આપ્યો હતો.



જલારામ મહિલા મંડળ ગાંધીનગર દ્વારા શ્રાધ્ધ નિમિત્તે શહેરના વિવિધ સ્થળે ગાયોને ઘાસચારો નાંખવામાં આવ્યો હતો.

## ડાયાબિટીસના ૧૮ કર્મચારીઓ કોવીડ ડ્યુટીથી દુર

ગાંધીનગર, તા.૭

કોરોનાએ હાઈપર ટેન્શન, ડાયાબિટીસ સહિત અન્ય બિમારીથી પિડાતા દર્દીઓને ઝડપથી અસર કરે છે. જેને પગલે હોસ્પિટલના વર્ગ-૧ થી ૪ ના ૧૮ કર્મચારીઓને કોવીડ ડયુટીથી દુર રાખવામાં આવ્યા છે. આ કર્મચારીઓને અન્ય વોર્ડમાં ફરજ પર મુકવામાં આવ્યા છે. જયારે કોવીડમાં ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓ એક પણ રજા વિના સતત કામગીરી કરી રહ્યા છે.

કોરોનાએ કોહરામ મચાવ્યો છે, રોજ બરોજ કોરોનાના કેસનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. કોવીડ હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વિશેષ જોવા મળી રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સહિત રાજયની મોટાભાગની હોસ્પિટલમાં સ્ટાફની ઉણપ વર્તાય છે. જેને પગલે કોવીડમાં ફરજ બજાવતા દરેક કર્મચારી પર કામનો બોજ વધી ગયો છે. જેથી હાઈપર ટેન્શન, અને ડાયાબિટીસના દર્દીઓને કોરોના વધુ અસર કરે છે. જેને અનુલક્ષી ડાયાબીટીસ અને બીપીના દર્દીઓ હોય તેવા કર્મચારીઓને કોવીડ વોર્ડમાં ફરજ સોંપવામાં આવતી નથી. સરકાર દ્વારા આ અંગે પરિપત્ર પણ કરવામાં આવ્યો છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ડોકટર થી લઈને વર્ગ-૪ સુધીના ૧૮ જેટલા કર્મચારીઓને કોવીડ વોર્ડમાં ફરજ સોંપવામાં આવતી નથી. આ ઉપરાંત જે માતા બાળકને ફીડીંગ કરાવતી હોય તેવી મહિલા કર્મચારીઓને પણ કોવીડ વોર્ડ થી દુર અન્ય વોર્ડમાં નોકરી ફાળવવામાં આવે છે. જયારે સગર્ભા મહિલા કર્મચારીઓને કોરોનાનો ચેપ લાગે નહી તે માટે ઓપીડી તેમજ વોર્ડમાં ડયુટી આપવામાં આવે છે.



ગુજરાત પરપ્રાંતિય ઓબીસી-ઈબીસી અધિકાર મંચ તથા રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટ ગાંધીનગર સાથે સંલગ્ન ૩૬ જ્ઞાતિ સમાજના અગ્રણીઓએ મળીને રાજય સરકારના અગ્ર મુખ્ય સચિવ પદે કમલ દયાનીની નિમણૂંક થવા બદલ તેમનું સન્માન કર્યું હતું. આ પ્રસંગે સસ્થાના પ્રમુખ તુલસીભાઈ માલી સહીત ચુનીલાલ પ્રજાપતિ, રમેશભાઈ પંચાલ, મુપાજી પ્રજાપતિ, માંગીલાલ ગુર્જર, તલકાજી મેઘવાલ, રતિલાલ પ્રજાપતિ સહિત અન્ય અગ્રણીઓએ ઉપસ્થિત રહી કમલ દયાનીને સાફો પહેરાવી સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કર્યું હતું.

## બહુજન સમાજ પાર્ટીની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૭

તાજેતરમાં બહુજન સમાજ પાર્ટીની બેઠક જિલ્લા કાર્યાલય ખાતે યોજાઈ હતી. જેમાં આગામી સમયમાં આવનાર તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત તેમજ નગરપાલિકાની ચુંટણીને ધ્યાને રાખી બેઠકમાં ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. જેમાં આગામી સમયમાં આવનાર જિલ્લા પંચાયત, દહેગામ, કલોલ, માણસા તાલુકા પંચાયત અને આવનારી નગરપાલિકાની ચુંટણીમાં બહુજન સમાજ પાર્ટી તમામ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉભા રાખશે. આ બેઠકમાં આગેવાનોએ સંગઠનને મજબુત કરવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ મંત્રી ઝોન કોર્ડીનેટર પ્રદિપ પરમાર, ગાંધીનગર જિલ્લા પ્રમુખ ગણેશભાઈ વાઘેલા, શહેર પ્રમુખ ભાવેશ આગજા, ગાંધીનગર લોકસભા પ્રભારી પ્રવિણભાઈ વાઘેલા તેમજ જયેન્દ્ર રાઠોડ અને વિધાનસભા પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

## કોબા ગામની સીમમાંથી જુગાર રમતા ૧૧ શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૭

કોબા ગામની સીમમાં દેવશ્રુત વીલા બંગ્લોઝની બાંધકામ સાઈટ પાસે ખુલ્લામાં જુગાર રમતા ૧૧ શકુનીઓ ઈન્ફોસીટી પોલીસના હાથે ઝડપાયા છે. પોલીસને જોઈને જુગારીઓમાં દોડધામ મચી જવા પામી હતી. પોલીસે જુગારીઓના દાવ પરથી પોલીસે રૂ. ૩૦૦૦ અને અંગજડતી દરમિયાન રૂ.૮૧૦૦ મળી કુલ રૂ.૧૧,૧૦૦ તેમજ ૮ મોબાઈલ કિં.રૂ.૧૮,૫૦૦ અને એકટીવા તથા જયુપીટર કિં.૬૦,૦૦૦ મળીને કુલ રૂ. ૧,૦૦,૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસ મથકના પીઆઈના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન દિલિપસિંહ પુજાજી ને ખાનગી રાહે બાતમી મળી હતી કે કોબા ગામની સીમ ખાતે દેવશ્રુત બંગ્લોઝની બાંધકામ સાઈટ પાસે ખુલ્લામાં લાઈટના અજવાળે કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેને પગલે પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા જુગાર રમી રહેલા નવા કોબા ગામના બોરીયા તળાવ પાસે કાચા છાપરા ખાતે રહેતા ૨૦ વર્ષિય અરવિંદજી બળવંતજી ઠાકોર, અમદાવાદ વિસતમાતાના મંદિર પાસે કન્યાદાન છાપરા ખાતે રહેતા ૧૯ વર્ષિય ગોવિંદ ગાંડાજી ઠાકોર, દેવશ્રુત વીલા સાઈટ નવા કોબા ખાતે રહેતા ૩૨ વર્ષિય ગફુરભાઈ ગાંડાભાઈ ભરવાડ, કોબા રાવળવાસ ખાતે રહેતા દિલિપ રણછોડભાઈ રાવળ, કોબા ખાતે રહેતા ૩૩ વર્ષિય સુનિલ લાલજીભાઈ ઠાકોર, ગામના ઠાકોરવાસ ખાતે રહેતા ૩૨ વર્ષિય મહેશ ખોડાજી ઠાકોર, અમદાવાદ નરોડા ઠાકોર વાસ ખાતે રહેતા ૪૦ વર્ષિય કનુભાઈ વિહાજી રાવળ, જુના કોબા અંબાજી વાસ ખાતે રહેતા ૨૫ વર્ષિય શૈલેષજી ભીખાજી ઠાકોર, ઠાકોર વાસ ખાતે રહેતા ૩૨ વર્ષિય ભુપતજી કનુજી ઠાકોર,નવા કોબા પ્રાથમિક શાળા પાસે રહેતા ૨૭ વર્ષિય રણજીત બળદેવભાઈ રાવળ અને જુના કોબા રાવળ વાસ ખાતે રહેતા ૩૭ વર્ષિય જીતેન્દ્ર અંબાલાલ રાવળને ઝડપી પાડ્યા હતા.

પોલીસે જુગારીઓ પાસેથી અંગજડતી દરમિયાન રૂ.૮૧૦૦, અને દાવ પરથી રૂ.૩૦૦૦ મળી કુલ રૂ.૧૧,૧૦૦, મોબાઈલ ફોન નંગ-૮ કિં.રૂ.૧૮,૫૦૦ તેમજ એક બાઈક, એકટીવા અને જયુપીટર મળી કુલ રૂ.૬૦,૦૦૦ ગણી કુલ રૂ. ૮૯,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ અને માસ્ક વિના, સોશિયલ ડિસ્ટન્સના અને જાહેરનામા ભંગ બદલ મહામારી અધિનિયમ હેઠળ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

## લો કરો વાત... હવે ફુટપાથ પરના સિમેન્ટ બ્લોકસની પણ ઉઠાંતરી...!!



ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં છેલ્લાં કેટલાંક દિવસોથી એક અજીબો ગરીબ ચોરી થવા પામી રહી છે. જેમાં શહેરના માર્ગની આજુબાજુમાં રાહદારીઓને ચાલવા માટે બનાવાયેલી ફુટપાથ પરના સિમેન્ટ બ્લોકસની ઉઠાંતરી થઈ રહી છે. શહેરના ચ માર્ગ પર ચ-૬ થી ચ-૭ તરફ જતા માર્ગે બનાવાયેલી ફુટપાથ પરથી સિમેન્ટ બ્લોકસ એક પછી એક ગાયબ થઈ રહ્યા છે જેના કારણે ફુટપાથને નુકસાન થઈ રહ્યું છે. આ ઘટના મોટે ભાગે રાત્રિના સમયે સર્જાતી હોય તેવું માનવામાં આવી રહ્યું છે. આ ઘટના અંગે શહેરમાં સોશ્યલ મિડીયા પર ચાલી રહેલા જાગૃત નાગરિકોના એક ગૃપ દ્વારા ધ્યાનમાં લઈને મ્યુનિસિપલ તંત્રને ધ્યાને મુકવામાં આવી છે અને સત્વરે ફુટપાથ પરના સિમેન્ટ બ્લોક્સના ઉઠાવગીરોને શોધી કાર્યવાહી કરવા સાથે ફુટપાથનું રીપેરીંગ કરવા પણ રજૂઆત કરવામાં આવી છે જેથી રાહદારીઓ ઉપરાંત આ વિસ્તારના ખાસ કરીને મોર્નિંગ વોકર્સને મુશ્કેલી ના પડે તેમજ કોઈ વયોવૃધ્ધ આવી ફુટપાથ પર ચાલતા પડી જવાનો અને અકસ્માતનો ભોગ ના બને.

## ચિરવિદાય

- સ્વ. બ્રહ્મભટ્ટ સુમિત્રાબેન ગોવિંદલાલ, ઉ.વ. ૭૨, લવારપુર, તા. ગાંધીનગર
- સ્વ. શાહ નાનચંદ સમરમલ, ઉ.વ. ૬૮, સાબરમતી, અમદાવાદ
- સ્વ. તારાબેન બાબુલાલ પટેલ, ઉ.વ. ૭૬, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. દરજી અરૂણાબેન બળદેવભાઈ, ઉ.વ. ૭૦, સેકટર-૨૭, ગાંધીનગર
- સ્વ. બળદેવજી કાળાજી ઠાકોર, ઉ.વ. ૩૫, મુ. ખોડીયાલ, તા. દસક્રોઈ
- સ્વ. પટેલ કેશાભાઈ ઉમેદભાઈ, ઉ.વ. ૬૫, મુ. માણેકપુર, તા. માણસા
- સ્વ. પટેલ કેશવલાલ શિવરામ, ઉ.વ. ૬૯, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. રાજેશ મનહરલાલ શેઠ, ઉ.વ. ૭૦, મુ. મગોડી, તા. ગાંધીનગર
- સ્વ. ગોહિલ ભુમિબા ચંદ્રસિંહ, ઉ.વ. ૨૦, ઈન્દ્રોડા, ગાંધીનગર

# બાળપણમાં પિતાનું દુઃખ જોઈ ફિઝીયોથેરાપિસ્ટ બનેલા ગાંધીનગરના યુવા ડૉ. હાર્દિક તલાટી

## શહેરમાં ફિઝીયોથેરાપીને વ્યવસાય કરતા 'સેવા' તરીકે અપનાવી દરેક દર્દીઓને દર્દમાં રાહત પહોંચાડી છે

ગાંધીનગર, તા.૭

સમગ્ર વિશ્વમાં તા ૮મી સપ્ટેમ્બર, મંગળવારે 'વિશ્વ ફિઝીયોથેરાપી દિવસ' તરીકે ઉજવવામાં આવશે. આધુનિક તબીબી વિજ્ઞાનમાં ફિઝીયોથેરાપી એટલે વૈજ્ઞાનિક પધ્ધતિથી આપવામાં આવતી એક સારવાર છે જે વિવિધ સારવારના આનુષંગિક ભાગ તરીકે પણ ઉપયોગમાં લેવામાં આવે છે અને તે શરીરના અંગોની પધ્ધતિસર કસરતના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવી છે. ગાંધીનગરમાં એક એવા યુવા ફિઝીયોથેરાપિસ્ટ કાર્યરત છે જેઓને બાળપણમાં પોતાના પિતાને થયેલા લકવાની સારવારના ભાગરૂપે ફિઝીયોથેરાપી સારવાર લેવી પડી હતી અને તે માટે પડેલી તકલીફમાંથી તેમણે ફિઝીયોથેરાપિસ્ટ બનવાનો નિર્ણય કરી હાલ સેવાકીય ભાવના સાથે કાર્ય કરી રહ્યા છે.

ગાંધીનગરના યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ ડૉ. હાર્દિક તલાટી જયારે માત્ર ત્રણ વર્ષના હતા ત્યારે તેમના વતન ખેડા જિલ્લાના મહુધા ગામમાં ગ્રામસેવક તરીકે નોકરી કરતા તેમના પિતા વિનોદચંદ્ર તલાટીને લકવાનો હુમલો થયો હતો. આ લકવાની સારવાર માટે ફિઝીયોથેરાપીની ટ્રીટમેન્ટ લેવા તેમને મહુધાથી ખેડા જવું પડતું હતું અને છેવટે તેઓન ખેડા રહેવા જવા સુધીની દુઃખદાયી સફર નાનકડાં હાર્દિકે જોઈ હતી. વળી જયારે તેઓ કિશોર વયે પહોંચ્યા ત્યારે તેમના પિતાને ફરી એકવાર લકવાનો હુમલો આવ્યો હતો ત્યારે હાર્દિકે નક્કી કરી લીધું હતું કે 'હું ફિઝીયોથેરાપિસ્ટ બનીનો દર્દીઓની આ તકલીફને દૂર કરવા કાર્યરત બનીશ.' પોતાનું કેન્દ્રિય વિદ્યાલયનું ભણતર પુરું કરીને તેઓ પછી ફેઝીયોથેરાપિસ્ટ બનીને જંપ્યા અને તે સાથે તેમણે 'રાજા કા બેટા હી રાજા બનેગા' કહેવતને પણ નિરર્થક પુરવાર કરતા હોય તેમ નાનકડાં ગામના ગ્રામસેવકના પુત્ર હોવા છતાં ફિઝીયોથેરાપિસ્ટ તરીકે અવિરત સેવાઓ આપી રહ્યા છે.

આ સાથે ડૉ. હાર્દિક તલાટીએ પોતાના મિત્ર ડૉ. યજ્ઞેશ ત્રિવેદીની મદદથી યુનાઈટેડ ચેરટેબલ ટ્રસ્ટ નામની સંસ્થા શરુ કરી છે જે અંતર્ગત તેઓ શહેરના જરૂરિયાતમંદ વર્ગના શ્રમિકો, આર્થિક રીતે નબળા વર્ગના દર્દીઓ વગેરેને સાવ નજીવા દરે ફિઝિયોથેરાપીની સારવાર મળી રહે તે માટે સેકટર-૭ ખાતે ફિઝીયોથેરાપી સેન્ટર શરુ કરી છેલ્લા ૧૧ વર્ષથી સેવા આપી રહ્યા છે. આ સાથે તેમની સંસ્થા દ્વારા અવારનવાર વિના મૂલ્યે સર્વ રોગ નિદાન સારવાર કેમ્પ, દવાઓ, રકતદાન કેમ્પ, ફિઝીયોથેરાપી કેમ્પ વગેરેનું આયોજન કરવામાં આવે છે. અને દર ગુરુવારે નિયમિત સંસ્થાના તબીબો દ્વારા વિના મુલ્યે ખિચડી સેવા જરૂરિયાતમંદોને પુરી પાડવામાં આવે છે તેમજ વાર તહેવારે શ્રમિક પરિવારોના બાળકોને કપડાં-મિઠાઈ, ઉનાળામાં ચપ્પલ જેવી ચીજવસ્તુઓનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે ત્યારે કોરોનાના કપરાકાળમાં પણ તેમની સંસ્થા દ્વારા ભોજન કીટ સાથે માસ્ક વગેરેનું વિતરણ કરવામાં આવ્યું હતું જેની અમદાવાદ ચેરિટેબલ ટ્રસ્ટના ચેરમેન દ્વારા પણ નોંધ લેવામાં આવી હતી. વિશ્વ ફિઝીયોથેરાપી દિવસે આવી ઉમદા સેવાભાવના ધરાવતા ફિઝીયોથેરાપિસ્ટ સહિત શહેરમાં સેવા આપતા ટ્રસ્ટના ડોકટર્સને બિરદાવવા રહ્યા.



### સર્વે દુઃખોની એક દવા-ફિઝીયોથેરાપી

ગાંધીનગરના ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. પૂર્વા નિસર્ગ ત્રિવેદીના જણાવ્યા અનુસાર ફિઝીયોથેરાપી એ વૈજ્ઞાનિક પધ્ધતિથી અપાતી એક અસરકારક સારવાર છે. આ સારવાર અનેક દર્દોમાં ઉપયોગી અને ફાયદાકારક સાબિત થઈ છે. ૧૮મી સદીમાં અસ્થિવિજ્ઞાન (ઓર્થોપેડિક)નો વિકાસ થયો. ત્યારબાદ જીમ્નેસ્ટિક પ્રકારની કસરતો પ્રચલિત થઈ અને છેલ્લે ૧૯મી સદીમાં આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે થતી કસરતના સ્વરૂપમાં ફિઝીયોથેરાપી અસ્તિત્વમાં આવી.

ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા દર્દીના દર્દ અનુસાર વ્યકિતગત ધોરણે જરુરી પધ્ધતિઓ પસંદ કરી દર્દનું નિરાકરણ કરવામાં આવે છે. સાંધના દુખાવા, સ્નાયુ ખેંચાઈ જવા, સ્નાયુ નબળા પડી જવા, હાડકાનો ઘસારો વગેરે પરિસ્થિતિઓમાં ફિઝીયોથેરાપી સારવારથી વગર દવાએ દુખાવામાં ઘટાડો થાય છે. હાડકાના ઓપરેશન ખાસ કરીને ઘુંટણનો સાંધો બદલાવવાનું ઓપરેશન કર્યા બાદ જો એકસપર્ટ ફીઝીયોથેરાપીસ્ટ દ્વારા મેન્યુઅલ થેરાપી આપવામાં આવે છે તો દુખાવાનો સમયગાળો ઘટે છે, પગના સ્નાયુઓની મજબૂતાઈ ઝડપથી પાછી ફરે છે અને ઘુંટણના સાંધાની કાર્યક્ષમતા/ગતિશીલતા પહેલા જેવી કરી શકાય છે. જેથી દર્દી ઝડપથી પોતાની રોજીંદી જિંદગીમાં પાછું ફરી શકે છે.